


## સલામી સવારની..

*નાક ને વાઢી ગયાં માથાં, ફજેતી ચિક્કાર થઈ!*
*ખાલી થઈ ગયું કાશ્મીર સીમાઓ ભેંકાર થઈ!*
*ખોટો કર્યો હાહાકાર, નાક લીટી થઈ સ્વીકાર -*
*કઠપૂતળાં કરશે ચર્ચા, શહિદી બેકાર ગઈ!*
*(ફરી દોસ્તીનો હાથ?! હવે ધાબળા મોકલો -)*

*વાંદરા ને તો*
*વેંચવા હથિયાર*
*બે પક્ષે રોટી!*
*(ભારત-પાક બિલ્લી)*
*ઓબામા..?!*

*ખોટાં વચને*
*છે પક્ષની પડતી -*
*રિસાયો રામ...*
*(મંદિર, ચૂંટણી પ્યાદું)*

## ચિંતન

**એક વૃક્ષા સમારૂઢા નાના વર્ણા વિહંગમા : । પ્રભાતે દશસુ દિક્ષુ તત્ર કા પરિવેદના ॥**

'ચાણક્યનીતિ'નો ગૂઢ-આધ્યાત્મિક શ્લોક છે :

સમી સાંજે અનેક જાતના રંગબેરંગી પંખીઓ કોઈ એક વૃક્ષ પર આવી બેસે છે. (એકમેકથી પરિચિત હોય ન હોય સવાર-સાંજ એક સાથે સંપીને લડ્યા-ઝઘડ્યા વિના કલરવ કરે છે અને સૂર્યોદય થતાં જ એ બધાં પોત-પોતાનાં ગંતવ્ય સ્થઆન તરફ દસે દિશાઓમાં ઊડી જાય છે. એમાં કોઈ પંખીઓ વિરહ દુઃખનો - કે અલગ પડી જવાનો કકળાટ કરતાં જોયાં?! આમાં કોઈ શોક કરવાની આવશ્યકતા જ નથી.'

સંસાર રુપી વૃક્ષ પર આપણે સૌ જુદાં જુદા વર્ણો-ધર્મનાં પીછાં ખોસી ૭૦-૮૦ વર્ષની એક રાત્રિ વિસાવવા આવ્યાં છીએ. એમાં પણ આ મારી ડાળ છે. મારી જગ્યા છે. મારી જમીન કહીં એકબીજાના જીવનમાં ચાંચ મારી લોહીલુહાણ કરી નાખીએ છીએ અને કોઈ સાથે મૈત્રી થાય છે.

સવારે આયુષ્યપૂર્ણ થતાં જ ઉડી જવાનું છે એમાં શોક દુઃખ - રોક્કળ કરવાની જરુર છે ખરી?!

## સુવિચાર

- ગુરુ ઐસા ચાહિયે, જૈસે પૂનમ કા ચાંદ,
  તેજ દિયે, તપે નહીં ઉપજાવે આનંદ - **આધ્યાત્મનંદજી**
- જીવનમાં શું કરવું એ જેટલું મહત્ત્વનું છે,
  તેટલું જ મહત્ત્વનું કોની સાથે રહીને તે કરવું તે છે - **સૌરભ શાહ**
- 'મંદી, તણાવ' વખતે ત્રણ જણની જરુર છે,
  વફાદાર કૂતરો, પ્રેમાળ પત્ની અને રોકડ રકમ - **બેન્જામીન ફ્રેંકલીન**
- તમે સુખી થવા ઈચ્છતા હોવ તો તમારે સદ્‌ગુણી થવું પડે,
  સદ્‌ગુણી એટલે બીજાનાં દુઃખસુખનો વિચાર કરવો - **કેદારનાથ કુલકર્ણી**
- યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરી શકવાની શક્તિ એટલે જ શુદ્ધ વિવેક - **માનસસૂત્ર**
- **આજનું ઓષધ : મધમાં કાળીજીરીનું ચૂર્ણ બાળકોને ચટાડવાથી કરમ-કૃમિ મટે છે.**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

પુત્રો ભણે-ગણે, મોટો અધિકારી-ડૉક્ટર-ઈજનેર થઈ અઢળક ધન-કમાય એમાં જ જીવનનું ધ્યેય-શ્રેય નથી. પરંતુ એમાં શ્રદ્ધા-સેવા-માનવતાના ગુણ કેટલાં -કેવા છે. એ મહત્ત્વનું છે. 'સાહેબ' થયા પછી પણ માતા-પિતા, ભાઈ-બહેન તરફ એનો આદર-વાત્સલ્ય-પ્રેમ ભાવના કેવી-કેટલી છે એ જ તેની 'ઉન્નતિ'નું સાચું સ્વરુપ છે.

ત્રણ સ્ત્રી પાણી ભરવા ગઈ હતી. રસ્તામાં પુત્રોની વાત ઉપડી. પહેલી એ કહ્યું, મારો પુત્ર મોટો 'જયોતિષી' છે ઘેર લાઈન લાગે છે ખૂબ કમાય છે.

બીજી કહે, મારો પુત્ર મોટો 'ડૉક્ટર' છે રોજ ટંકશાળ પડે છે ખૂબ આવક છે.

ત્રીજી મૌન હતી. પહેલી-બીજીએ પૂછ્યું - અલી! તું કેમ કંઈ બોલતી નથી. તારો દીકરો શું કરે છે?

ત્રીજી કહે, મારો દીકરો, સામાન્ય કારકૂન છે પણ મારા પ્રત્યે એને ખૂબ જ આદરભાવ છે મને ખૂબ વહાલો છે. પછી રસ્તામાં પહેલીનો પુત્ર મળ્યો, કહ્યું, મા, તે બહું વાર કરી મારે દૂધ પીધા વિના જવું પડે છે...

બીજીનો પુત્ર મળ્યો - મા, મને ભૂખ લાગી હતી, ઘરમાં કંઈ જ નાસ્તો નથી! તું આખો દિવસ શું કરે છે?

ત્રીજીનો પુત્ર મળ્યો - મા, લાવ હું ઘરે જ આવું છું પાણીનો ઘડો મને આપી દે!! ત્રીજીએ પહેલી-બીજી સામે જોઈ સ્મિત કર્યું... પહેલી બંનેની નજર શરમથી ઝૂકી ગઈ...

# દિલ્હી સરકારની મૂંઝવણ : પ્રદૂષણનો પહાડ

## તંત્રીસ્થાનેથી....

ગ્રીક માયથોલોજીમાં પૃથ્વીને પીઠ પર ઊંચકીને ફરતા રાક્ષસી તાકાત ધરાવતા મહાનાયકની કથા આવે છે તો વળી રામાયણમાં હનુમાનજી આખો પહાડ ઊંચકી લાવી મૂર્છિત લક્ષ્મણનો જીવ બચાવે છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજકાલ દિલ્હી પર ઝળૂંબી રહેલા પ્રદૂષણના પહાડ તળે કચડાતી પ્રજાને બચાવવાના ઉપાયો શોધી રહ્યા છે. એ કૃષ્ણ તો નથી કે ટચલી આંગળી પર ગોવર્ધન તોળી શકે. એમનામાં કશુંક નક્કર પરિણામ લાવવાનું ઝનૂન જરુર છે. એથી એમણે આગામી પહેલી જાન્યુઆરીથી - નવા ઈસુ વર્ષના પહેલા પખવાડિયા દરમિયાન દિલ્હીને પ્રદૂષણ સામે રાહત અપાવવાના શુભ હેતુસર પ્રદૂષણના સ્રોત સમી ગાડીઓના ઉપયોગ પર નિયંત્રણ લાદવાનો નિર્ણય કર્યો છે. એ મુજબ એકી અને બેકી નંબરની ગાડીઓ વારાફરતી દિલ્હીના માર્ગો પર ફરતી દેખાશે. એકી તારીખો એ એકી નંબરની ગાડીઓ અને બેકી તારીખોએ બેકી નંબરની ગાડીઓને છૂટ અપાશે. રવિવારે આ નિયંત્રણ નહીં રહે અને એ જ રીતે એકલ મહિલાઓ, એમ્બ્યુલન્સ વગેરે પૂરતી પણ છૂટછાટ રહેશે. આશય સારો છે, કારણ કે જો આ નિયંત્રણનો અક્ષરશઃ અમલ થઈ શકે તો દિલ્હીનું પ્રદૂષણ આપોઆપ અડધું થઈ જાય. પરંતુ જયારે અમલ થાય ત્યારે થયો સમજવો, કારણ કે આપણી પ્રજા શિસ્તપાલનના મુદ્દે ઘણી જ નબળી પુરવાર થયેલી છે. કેજરીવાલ સરકારના આ વિચારને પહેલા જ દિવસથી 'તઘલખી' વિચારનું લેબલ તો લાગી જ ગયું છે. સુપ્રીમ કોર્ટના નવ નિર્વાચિત મુખ્ય ન્યાયમૂર્તિ ઠાકુરે કેજરીવાલની યોજનાનું હાર્દિક સમર્થન કર્યું છે, પોતે પણ એને અનુસરશે એવી જાહેરાત કરી છે. પરંતુ એમના રાજકીય વિરોધીઓ આ યોજના પહેલા જ દિવસે નિષ્ફળ સાબિત થઈ જશે, એવા નિવેદનો કરી, નાક કાપીને અપશુકન કરવાનું ચૂકતા નથી. દિલ્હીના લોકપ્રિય ભાજપ અગ્રણી અને કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધને દલીલ કરતાં કહ્યું છે કે હું લગ્નસરાના દિવસોમાં છેક રાતના બે વાગ્યે ઘેર પાછો ફરતો હોઉં છું. તો શું સાંજે નીકળ્યા પછી રાત્રે તારીખ બદલાય ત્યારે મારે બીજી ગાડીમાં પરત આવવાનું? કેજરીવાલ સરકાર આ મુદ્દે પણ ખુલાસો કર્યો છે કે એકી-બેકી વાળો નિયમ સવારના આઠથી રાતના આઠ વાગ્યા સુધી જ લાગુ પડશે. પરંતુ દિલ્હી પોલીસ કે જે કેન્દ્ર હસ્તક છે, તે પણ કેજરીવાલના આ યોજનામાં સહયોગ કરવા ઉત્સુક લાગતી નથી. છેલ્લે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે બાંયો ચડાવી છે. એ માને છે કે આવા નિયંત્રણને કારણે લોકો વધારાની કાર ખરીદશે, જેથી અવરજવરમાં અડચણ નિવારી શકાય. આથી દિલ્હીમાં કારોની સંખ્યા બમણી થઈ જતાં ટ્રાફિક સમસ્યા, પાર્કિંગ ઉપરાંત પ્રદૂષણના પ્રશ્નો વધુ વકરશે. કેજરીવાલે ૬૦૦૦ નવી બસો દિલ્હીના રાજમાર્ગો પર મૂકવાની વાત રજૂ કરી છે તેની સામે પણ વાંધાવચકા ઉઠ્યા છે. એક બસ દસ-પંદર કાર જેટલું પ્રદૂષણ ફેલાવે છે, તે જોતાં વધુ બસો ઉતારવા જતાં પ્રદૂષણ વધવાની જ સંભાવના છે! દિલ્હી લિટરલી 'ગેસ ચેમ્બર' માં ફેરવાઈ ગઈ હોવાનું નિરીક્ષણ કરનારી હાઈકોર્ટે કેજરીવાલને મદદરુપ થઈ શકશે ખરી? કેજરીવાલ કોઈ પણ ઉપાય કરી દિલ્હીને પ્રદૂષણ મુક્ત કરવા માગે છે, પરંતુ એ માટે પ્રજા તરફથી જે સહયોગ મળવો જોઈએ તે મળવાની સંભાવના નહીંવત જ છે. આ જાપાન નથી કેજરીવાલજી! આ ચીન પણ નથી કે સાઈકલો પર ફરીને મહાસત્તા બની શકે! આ તો 'મેરા ભારત મહાન' છે!

## સારા કામને બિરદાવવા માટે, કોઈ સારી ક્ષણોને કેદ કરવા માટે કે સારા પ્રસંગોને અને Special days ને યાદ રાખવા આપણે આ Social Media પર નિર્ભર હોઈએ તે બાબત યોગ્ય ગણાય?

સ્મરણ વિસ્મરણથી બેચેન હું યાદને આકાર આપી શક્યો નથી, ને ડૉક્ટરે નામ આપ્યું અલ્ઝાયમર !!

(ડૉ. પારસ એસ. હેમાણી)

આપણા જીવનમાં રોજેરોજ કેટલીય ગમતી - ન ગમતી સારી-નરસી ઘટનાઓ બનતી જ રહે છે. આ તમામ રોજિંદી ઘટનાઓમાંની અમુક બાબતો આપણા હૈયામાં એવી કોતરાઈ જાય કે જે કયારેય ન ભૂલાય અને એ જ રીતે અમુક બાબતો કઈ રીતે અને કયાંથી વીસરાઈ જાય એનો અહેસાસ આપણને પોતાને પણ ન હોય. જે વ્યક્તિઓ સંવેદનાઓથી છલોછલ ભરેલાં હોય છે તે આ સ્મરણ અને વિસ્મરણના ચક્કરમાં એવા બેચેન બની બેસે છે કે યાદોના આ પ્રદેશના ખેડાણમાં પોતાની જાતને જ ખોઈ બેસે છે, જેને મેડિકલ ભાષામાં અલ્ઝાયમર કહેવાય છે. આપણે આપણી આસપાસ એવા કેટલાક લોકોને જોયા છે કે જેમની યાદોમાં બધું જ અકબંધ જળવાયેલું હોય, તારીખો, પ્રસંગો, ઘટનાઓ એ તમામે તમામ તેમના મનમાં એક નોંધની માફક છપાયેલું હોય છે. જયારે બીજી બાજુ એવા પણ લોકો હોય છે કે જે ગઈકાલની ઘટનાઓ ઘટનાને વિસારીને આજની ક્ષણમાં જીવતા હોય. તારીખો, પ્રસંગો એ તમામને ભૂલીને એ આજ અને અત્યારની ક્ષણમાં જ જીવતાં હોય છે. જો કે અમુક ઘટનાઓને વિસારવી એ આ પ્રકારના લોકો માટે પણ મુશ્કેલ જ હોય છે પણ છતાં તેઓ વર્તમાન ક્ષણમાં જીવતા હોવાથી હળવાફૂલ થઈ જતાં હોય છે અને ત્રીજો વર્ગ છે એવા લોકોનો કે જેમને તારીખો યાદ રાખવા માટેનો કોઈ ચોક્કસ હેતુ ન હોય પણ મિકેનીકલી મોબાઈલમાં રિમાઈન્ડર મુકીને તેઓ તારીખોને યાદ રાખતા હોય, આવા લોકો સંવેદનશીલ ઓછા અને પ્રેક્ટીકલ વધુ હોય છે.




આજના આ ટેકનોસેવી યુગમાં આપણે બધાં પ્રેક્ટીકલ બની ગયા છીએ. પણ આપણામાં રહેલી સંવેદનાઓ સાવ મરી પરવારી નથી. માટે તે કયારેક અચાનક આપણી સમક્ષ આવીને આપણને જીવંત હોવાને અહેસાસ કરાવી જાય છે. થોડા દિવસો પૂર્વે ફેસબુક પર હિરેનભાઈ ભટ્ટનો એક મેસેજ વાંચ્યો,

"આજે હું મારી જન્મદાત્રીનો જન્મદિવસ ભૂલી ગયો...કારણ... મારી મા આ ફેસબુક પર નથી ને...! એ કોઈ વૉટ્સઅપ ગ્રુપમાં પણ નથી...!! ખૂબ દુઃખદ..." આ હતી તેમની વ્યથા, વેદના અને નિખાલસ પ્રામાણિક એકરાર. તેમણે જે કહ્યું તે, આપણામાંના ઘણાએ અનુભવ્યું હશે. કોઈ સારા દિવસને યાદ રાખવા માટે હવે ફેસબુકની જરુર પડશે? કોઈ અંગત પળોને માણવા અને યાદ કરવા માટે **reminder** રાખવા પડશે? અહીં પ્રશ્ન એ નથી કે આ કોઈ ગંભીર ભૂલ થઈ ગઈ કારણ કે મા-બાપને **love you, thank you** કે **miss you** કહેવાનો **Trend** તો હવે આવ્યો. બર્થ-ડે, એનીવર્સરી એ બધાને ઉજવવી કે **wish** કરવી એ પદ્ધતિ આજના યુગમાં પ્રચલિત થઈ. બાકી પહેલા તો કયાં આવી ઉજવણીઓ કે દેખાડા થતા? હા, અલબત્ત પ્રેમ, લાગણી અને હૂંફ પહેલાં હતા એવાને એવા જ આજે પણ છે. મા એ તો ત્યાગની દેવીસ્વરૂપ હોય એટલે માફ કરી દે અને વર્તાવા પણ ન દે પણ હિરેનભાઈને આ વાત આખી જિંદગી યાદ રહેશે. આવું આપણા બધાની સાથે થતું હોય છે.

પ્રશ્ન એ છે કે કોઈ સારા કામને બિરદાવવા માટે, કોઈ સારી ક્ષણોને કેદ કરવા માટે કે સારા પ્રસંગોને અને **Special days** ને યાદ રાખવા આપણે આ **Social Media** પર નિર્ભર હોઈએ તે બાબત યોગ્ય ગણાય? ગયા વર્ષે ૧૨ સપ્ટેમ્બરે અમદાવાદમાં ખૂબ વરસાદ વરસ્યો અને ઠેર-ઠેર પાણી ભરાયાં અને સમગ્ર અમદાવાદમાં બંધ જેવું વાતાવરણ સર્જાયું. આવા આ સમયે વિવિધભારતીના એક **casual announcer** હેમાંગ જોષી એમની **morning shift** કરવા માટે પરોઢિયે ૪ વાગ્યે પોતાન ઘરેથી ધોધમાર વરસતા વરસાદમાં ૮-૯ કિ.મી. જેટલું ચાલીને ઈન્કમટેક્ષ આકાશવાણી સ્ટુડિયો પર પહોંચ્યા. ભીનાં કપડામાં એરકન્ડીશન્ડ સ્ટુડિયોમાં બેસીને ૧૨ વાગ્યા સુધી પોતાની **duty** પણ નિષ્ઠાપૂર્વક કરી. પણ એ વાતનો કોઈ ખાસ ઉલ્લેખ તેમણે કોઈ **Social media** પર કર્યો નહિ. હવે એ સમયે જો તેમણે ભીનાં કપડામાં થરથરતો **Selfie** લઈને **Facebook** પર મૂક્યો હોત તો તેમના આ કામની નોંધ ચોક્કસ લેવાત. પણ એમણે કોઈ પ્રચાર ન કર્યો તો તેમના આ કામ પ્રત્યેની નિષ્ઠાની કોઈ નોંધ લેવાઈ નહિ! આ પ્રકારના સંજોગોમાં આપણને લાગે કે ચેન્નાઈ પૂરગ્રસ્ત વિસ્તારના રાહતકાર્યોમાં મદદ કરનારા લોકોની નોંધ લેવાય કે રેડિયો કે છાપામાં તેમના ફોટા છપાય એ બાબત ચોક્કસ પ્રશંસનીય છે પણ આપણી આસપાસ રહેતા સામાન્ય વ્યક્તિની અસાધારણ કાર્ય અને નિષ્ઠાની નોંધ ન લેવાય તે અન્યાય ન ગણાય! તો આવો, ફેસબુક, ટ્વિટર અને વૉટ્સઅપના આ માધ્યમથી આપણી સંવેદનાઓને જગાડીએ અને આપણી સંવેદનાઓને જગાડીએ અને આપણી આસપાસના અંગત વ્યક્તિની ભાવનાઓને, કાર્યોને તેમ જ નિષ્ઠાને બિરદાવીએ.

- nehalgadhavi101@gmail.com

# સરદારને ક્યારેય વડાપ્રધાન થવાની મહત્ત્વાકાંક્ષા નહોતી




સરદાર પટેલની વાત આવે ત્યારે મહાત્મા ગાંધીએ વલ્લભભાઈ પટેલને વડા પ્રધાન નહીં બનાવ્યાનો દોષ તેમને દેવાની વૃત્તિ સામાન્યપણે સરદાર પ્રેમીઓમાં જોવા મળે છે. પંડિત જવાહરલાલ નેહરુ ભણીની ભાંડણલીલા પણ ખૂબ પ્રચલિત છે. સરદાર વડાપ્રધાન હોત તો? જેવા પ્રશ્નો સરદારને અન્યાય થયાની વાત રજૂ કરવા જે લોકો આગળ ધરતા રહે છે એ સરદારપુત્રી મણિબહેન પટેલે નોંધેલી વાતને જાણી જોઈને અવગણે છે: "સરદારને ક્યારેય વડાપ્રધાન થવાની મહત્ત્વાકાંક્ષા નહોતી કે બીજા કોઈ ઊંચા હોદ્દાની પણ અપેક્ષા નહોતી."મણિબહેને પોતાનાં સંસ્મરણોમાં ક્યાંય સરદારને અન્યાય થયાની વાત નોંધી નથી. સ્વયં સરદારે પણ અન્યાયની લાગણી અનુભવી હોય એવું જોવા મળતું નથી. મણિબહેન તો નેહરુ- સરદાર બેઉને એકમેકના પૂરક લેખે છે. વળી માઉન્ટબેટનની સલાહથી નેહરુ યોર્ક રોડથી તીન મૂર્તિ રહેવા ગયા ના હોત તો એ બેઉ વચ્ચેની ૧,ઔરંગઝેબ રોડ ખાતેની રોજિંદી મુલાકાતો સંભવિત ગેરસમજો દૂર કરત, એવું પણ મણિબહેન નોંધે ત્યારે એમાં શતપ્રતિશત સચ્ચાઈનો રણકો છે. વક્રદષ્ટાઓ માઉન્ટબેટનની ભૂમિકા વિશે પણ હેતુઆરોપણ કરતા રહે છે. જોકે સરદાર જ્યારે નેહરુની સરકારમાંથી છૂટા થવા ઈચ્છતા હતા અને ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ ૪ થી ૫ દરમિયાન એ મહાત્મા સાથે મુલાકાત કરીને આ બાબતની ચર્ચા કરવા ગયા ત્યારે ગાંધીજી તો સરદારને પ્રધાનમંડળમાંથી છૂટા કરવાના મત પર આવ્યા હતા, પણ માઉન્ટબેટને સરદારની મહાનતા અને અનિવાર્યતા પીછાણી હતી એટલે એમણે સરદારને છૂટા થવા દેવાનો સખત વિરોધ કર્યો હતો. એ મુલાકાત વખતે ઉપસ્થિત મણિબહેનની આ વાત સાચી માનવી પડે.

સરદાર ગાંધીજીના શિષ્ય ખરા, પણ આંધળા અનુયાયી નહોતા. વિભાજનના વરવા દિવસોમાં નિહાળેલી કત્લેઆમ અને ૧૬ ઑગસ્ટ ૧૯૪૬ના 'ડાયરેક્ટર ઍકશન ડે'થી લઈને કાશ્મીર કબજે કરવાના કુટિલ ઈરાદે મોહમ્મદ અલી ઝીણાએ અપનાવેલા વ્યવહાર પછી ભારતે પાકિસ્તાનને આપવાના થતા રૂપિયા ૫૫ કરોડની ચુકવણીને વિલંબમાં મૂકવાના નેહરુ પ્રધાનમંડળના નિર્ણયના વિરોધમાં રાષ્ટ્રપિતા દિલ્હીમાં ઉપવાસ આદરે છે. સરદાર પટેલે વહીવટી જવાબદારીઓ નિભાવવા સૌરાષ્ટ્ર જવું પડે છે ત્યારે એમણે ગાંધીજીને કહેલા શબ્દોમાં રોષ અને ચિંતાના ભાવ કરતાં વેદના વધુ ઝળકતી હતી. વડાપ્રધાન પંડિત નેહરુ આંસુ સારી શકતા હતા, પણ સરદાર વેદનાને મનમાં જ ધરબીને પુત્રવત્ નેહરુ જેવાને સાંત્વના આપનાર વડીલની ભૂમિકામાં રહેતા. ગાંધીજી બેઉના નિર્ણાયક અથવા ન્યાયમૂર્તિ હતા. મતભેદો અને તર્કબદ્ધ દલીલો બાપુ સમક્ષ રજૂ કર્યા પછી એમની વાત કે ચુકાદો બેઉએ માન્ય રાખવો પડતો હતો.

**'હિંદુ રાષ્ટ્ર'ના ખ્યાલને 'પાગલોં કા ખયાલ' ગણાવનાર સરદાર વલ્લભભાઇ પટેલે કહ્યું હતું : 'જ્યાં લગી ભારતના તંત્ર પર મારું ચલણ છે ત્યાં લગી ભારતને હિંદુરાષ્ટ્ર બનવા નહીં દઉં'**

૫ જુલાઈ ૧૯૪૭ના રોજ રિયાસત ખાતું અસ્તિત્વમાં આવ્યું. સરદાર પટેલને એનો અખત્યાર સોંપાયો ત્યારથી સરદારે 'સફરજનની ટોપલીનાં તમામ સફરજન' ભારતનાં કરી લેવાની કવાયત આદરી. ૩ જૂન ૧૯૪૭ની માઉન્ટબેટનની ઘોષણાથી સ્વતંત્ર થઈ ગયેલાં બ્રિટિશ ઈંડિયાનાં ૫૬૫માંથી ૫૬૨ રજવાડાંને ભારત સાથે જોડીને વલ્લભભાઈએ વર્તમાન ભારતનો નકશો બનાવ્યો. એકલા સૌરાષ્ટ્રમાં જ નાનાં મોટાં ૨૨૨ રજવાડાં હતાં. રિયાસત ખાતાની રચનાની સાથે જ જમ્મૂ-કાશ્મીર માટે વલ્લભભાઈએ વિશેષ પ્રયત્ન શરૂ કર્યા હતા. સરદાર પટેલે મહારાજા હરિસિંહના પાકિસ્તાન તરફ ઢળતા પ્રધાનમંત્રી પંડિત રામચંદ્ર કાકને ૩ જુલાઈ ૧૯૪૭નો પત્ર લખી જણાવ્યું: 'તમે જાણો છો કે ૧૫મી ઑગસ્ટે ભારત, ભલે વિભાજિત છતાં, સંપૂર્ણ સ્વતંત્ર થશે. તમને એની પણ ખબર છે કે અત્યાર સુધીમાં ઘણાં, મોટા ભાગનાં, દેશી રાજ્યો ભારતની બંધારણસભામાં જોડાયાં છે. કાશ્મીરની વિશિષ્ટ મુશ્કેલીઓ હું સમજું છું, પણ એનો ઈતિહાસ અને એની પરંપરા જોતાં મારે મતે એને માટે બીજો કોઈ વિકલ્પ નથી.' એટલે કે ભારત સાથે જોડાવા સિવાયનો વિકલ્પ જમ્મૂ-કાશ્મીર વિચારે નહીં એવું સરદાર સ્પષ્ટ કહે છે. લોર્ડ માઉન્ટબેટનની ૩ જૂન ૧૯૪૭ની જાહેરાત ભારત સંઘ અને પાકિસ્તાન સંઘની રચના સાથે જ દેશી રાજ્યોને ભારત સંઘ કે પાકિસ્તાન સંઘ સાથે જોડાવાની કે પછી સ્વતંત્ર રહેવાની મોકળાશ આપતી હતી. એક બાજુ સરદાર અને બીજી બાજુ મોહમ્મદ અલી ઝીણા દેશી રાજ્યોના રાજવીઓને પોતાના કરવા મેદાને પડ્યા હતા. સરદારે ભારતીય દેશી રજવાડાંમાં જે વિશ્વાસ પેદા કર્યો, એનાથી મહારાજા હરિસિંહ જ નહીં, તેમના 'તેજસ્વી વછેરા' કર્ણસિંહ સાથે પણ એમનો ઘરોબો બંધાયો.

જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવાની કવાયત દરમિયાન વડા પ્રધાન નેહરુ પોતાના નાયબ વડાપ્રધાન સરદાર પટેલ પર કેટલા અવલંબિત હતા, એ નેહરુના ૨૭ સપ્ટેમ્બર ૧૯૪૭ના પત્રમાં સ્પષ્ટ થાય છે : 'મને માહિતી મળી છે કે પાકિસ્તાન કાશ્મીરમાં ઘૂસણખોરી કરવાની વેતરણમાં છે અને એ કોઈ મોટા પેંતરાનો વિચાર કરી રહ્યું છે. શિયાળામાં કાશ્મીર થોડું ઘણું અલગ પડી જાય કે આવો કોઈ દાવપેચ અજમાવવા માંગે છે.' શેખ અબ્દુલ્લાનો સહકાર લઈને શક્ય એટલું વેળાસર જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવાની કોશિશ કરવાની વાત નેહરુ જ્યારે સરદારને લખે, ત્યારે એમને સરદારના વ્યૂહમાં કેટલો ભરોસો છે એનો અણસાર મળે છે. નેહરુની માહિતી સાચી જ હતી. ૨૨ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ પાકિસ્તાની કબાઈલીઓએ જમ્મૂ-કાશ્મીર પર આક્રમણ કર્યું. રિયાસતી ખાતાના સચિવ (પાછળથી સલાહકાર) વી.પી. મેનનને ૨૬ ઑક્ટોબરના રોજ શ્રીનગર મોકલાયા. ભારત સાથે જોડાણખત કે વિલયપત્ર પર મહારાજા હરિસિંહ હસ્તાક્ષર કરે નહીં, ત્યાં લગી જમ્મૂ-કાશ્મીરમાં ભારતીય લશ્કરને મોકલવાનું અશક્ય બને કારણ એ બીજો સ્વતંત્ર દેશ હતો. ગાંધીજીએ પણ મહારાજાને મળીને માઉન્ટબેટનની ૧૯ જૂન ૧૯૪૭ની મુલાકાતની જેમ જ ભારત સાથે વિલયનો નિર્ણય કરવા સમજાવ્યા હતા, પણ દ્વિધામાં રહેલા હરિસિંહ માટે કબાઈલીઓના આક્રમણ પછી ભારતની મદદ મેળવવા ભારત સાથે ભાવિ જોડવા સિવાય આરો નહોતો. ૨૭ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ ભારત સાથેના મહારાજા જમ્મૂ-કાશ્મીરની સહીવાળા જોડાણખત પર માઉન્ટબેટને હસ્તાક્ષર કરતાં જ એમનું રાજ્ય હવે ભારત સાથે જોડાયું. સરદારે તૈયાર રાખેલી ભારતીય લશ્કરની વિમાની ટુકડીઓ શ્રીનગર માટે રવાના થઈ. ત્યાં લગી તો પાકિસ્તાની કબાઈલીઓ બારામુલ્લા સુધી આવી પહોંચ્યા હતા. આ સમયગાળામાં કાકને સ્થાને જસ્ટિસ મહેરચંદ મહાજન જમ્મૂ-કાશ્મીરના પ્રધાનમંત્રીપદે આરૂઢ હતા એટલે ભારત સાથેના જોડાણની અનુકૂળતા વધી હતી.

જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવામાં સરદાર પટેલ, પંડિત નેહરુ, શેખ અબ્દુલ્લા, મહારાજા હરિસિંહ, લોર્ડ માઉન્ટબેટન,વી.પી. મેનન અને ભારતીય લશ્કરની જાંબાઝ ટુકડીઓ સવિશેષ યશની અધિકારી ગણાય. જમ્મૂ-કાશ્મીરના પ્રધાનમંત્રી બન્યા પછી છાકટા થયેલા શેખ અબ્દુલ્લાને સ્વતંત્ર જમ્મૂ-કાશ્મીરના અભરખા જાગ્યા. મહારાજાને રાજ્યનિકાલ કરાવવામાં તેમને સફળતા મળી અને આખરે એમના મિત્ર નેહરુએ શેખને ૧૯૫૩માં પદભ્રષ્ટ કરી બંદી બનાવવા પડ્યા. આ ઘટના કૉંગ્રેસી ધારાસભ્ય, હિંદુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ, નેહરુ સરકારમાં ઉદ્યોગપ્રધાન અને જનસંઘ (ભાજપના પૂર્વઅવતાર)ના સંસ્થાપક અધ્યક્ષ રહેલા ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીના શેખ અબ્દુલ્લાની કેદમાં મૃત્યુ પછી બની હતી.

'હિંદુ રાષ્ટ્ર'ના ખ્યાલને 'પાગલોં કા ખયાલ' ગણાવનાર સરદાર વલ્લભભાઈ પટેલે ભારતને હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, જૈન વગેરે સૌનો દેશ ગણવાનું અને હિંદુ-મુસ્લિમ એકતા પર ભાર મૂકવાનું પસંદ કર્યું છે. સરદારને હિંદુવાદી નેતા ગણાવવા ઈચ્છુકો આ મહામાનવને કેટલો અન્યાય કરી રહ્યા છે એ સમજી શકાય છે. સરદાર કાયમ પોતાને હિંદુસ્તાનની સેવા કરનાર અદના સૈનિક તરીકે જ નિહાળતા હતા અને જીવનના અંત સુધી એ જ ઓળખ ટકાવવા ઈચ્છુક હતા. તેમના શબ્દો હતા: 'જ્યાં લગી ભારતના તંત્ર પર મારું ચલણ છે ત્યાં લગી ભારતને હિંદુરાષ્ટ્ર બનવા નહીં દઉં.'

દેશની લઘુમતી કોમો માટેના વિશેષાધિકારો સરદાર પટેલને આભારી છે એવું કહીએ ત્યારે એમાં અતિશયોક્તિ નથી, કારણ સરદાર પટેલ બંધારણને ઘડતી વેળા લઘુમતીઓની સલાહકાર સમિતિના અધ્યક્ષ હતા. એ સમિતિના અહેવાલને વાંચનારને ખ્યાલ આવશે કે સરદાર તમામ નાતજાત માટે કેવો સમભાવ ધરાવતા હતા. જોકે એમનું માનવું હતું 'હું નાતજાતને ભૂલી ગયેલો માણસ છું.આખું હિંદુસ્તાન મારું ગામ છે. અઢારે વરણ(વર્ણ) મારાં ભાઈભાંડુ છે.'

અનુસંધાન પાના નં. ૭ પર

# ન્યાયની અદાલતોમાં સામાન્ય માણસનો 'ખો'




બંધારણની કલમ ૨૧ મુજબ ઝડપી ન્યાય મેળવવો એ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે પરંતુ આ અધિકાર કોર્ટે ચઢેલ દરેક માનવીને મળે છે શું? ન્યાયતંત્રનો વિલંબ એ મોટો ગહન પ્રશ્ન છે જેનો કોઈ ઉકેલ જ નથી.

સરકારના અમલદારો અને ન્યાયમૂર્તિઓને ઝડપી ન્યાય અપાવવા કંઈજ કરવાનું સુઝતુજ નથી. તાજેતરમાં જ વડાપ્રધાનને જણાવ્યું કે ભારતીય બંધારણમાં કાયદાના દાયરામાં ન્યાય તોળવો એ અસંભવ નથી. શું આ બાબત ખંધા રાજકારણીઓ કે ધનાઢય ગુનેગારોને લાગુ પડે છે? ન્યાયપાલીકાએ કોઈપણ વ્યક્તિના પ્રભાવમાં આવ્યા સીવાય ન્યાય તોળવો જોઈએ કયારેક કાયદા બનાવવા શબ્દોની પસંદગી યોગ્ય રીતે થયેલ ના હોય તેવું બને છે. ન્યાયમાં અડચણરૂપ સમય સાથે કોઈ જ તાલમેળ ના ધરાવતા કઈ કેટલાય કાયદાઓ ભારતના બંધારણને ચુસ્તરીતે વળગી રહી અમલદારશાહીથી ન્યાય તોળાતો રહે છે. જેનો ભોગ આમ આદમી બને છે. આવા ૭૦૦ જેટલા હાલમાં બિનઉપયોગી કાયદાઓ કેન્દ્ર સરકારે હટાવવાનો નિર્ણય લીધો છે તેમ છતાં હજુ આવા ૧૭૦૦ પ્રકારના કાયદાઓ છે જે કેન્દ્ર સરકાર દરરોજ એક કાયદો હાથ ધરે તો પણ પાંચ વર્ષ થાય તેટલી ન્યાઈક પ્રક્રિયા વિલંબીત છે.

દેશના ન્યાયાધિશો અને ન્યાયમૂર્તિઓ તેમજ વડાપ્રધાનની કાયદામાં સુધારણા અંગેની કોન્ફરન્સને પણ છ માસ જેટલો સમય થઈ ગયો જેમાં રાજય સરકારને લગતા કાયદા હટાવવા માટે રાજયના મુખ્યમંત્રીને પણ હાજર રાખવામાં આવેલા પરંતુ જયા કેન્દ્ર અને રાજય સરકારમાં અલગ અલગ પાર્ટીની સત્તા છે તેમણે આ પ્રત્યે ઉદાસીન વલણ અપનાવેલ કોર્ટમાં પાંચ વર્ષમાં કેસ ચાલી ચુકાદો આપી દેવામાં આવશે પરંતુ કંઈ કેટલાય કેસો હાલમાં ૨૫ થી ૩૦ વર્ષ /ઉપરાંતથી ચુકાદાની રાહ જોઈ રહ્યા છે.

હાલમાં મુખ્ય ન્યાયમૂર્તિએ પદગ્રહણ કરી કારભાર સંભાળ્યો છે દેશમાં ન્યાયની અદાલતો દર વર્ષે બે કરોડ જેટલા કેસોનો નિકાલ કરે છે તેમ છતાં ત્રણ કરોડ જેટલા કેસો પેન્ડીંગ બોલે છે. હાલમાં એક પણ નવા કેસોના આવે તો પણ આ કેસોનો નિકાલ આવતા ૩૨૦ વર્ષથી વધારે સમય લાગે ૨૭ કરોડ કેસોના નિકાલ માટે ૩૫૦૦ ન્યાય મૂર્તિઓની જરૂર પડે. માત્ર દેશની સર્વોચ્ચ અદાલતોમાં જ ૬૪૦૦૦ કેસો પેન્ડીંગ છે બધી જ હાઈકોર્ટમાં ૪૪ લાખ કેસો પેન્ડીંગ બોલે છે. જીલ્લા અદાલતોમાં ૩ કરોડ ઉપરાંત કેસો પેન્ડીંગ બોલે છે સને ૨૦૪૦ સુધીમાં આ પ્રમાણ ૧૫ કરોડ સુધી પહોંચી જશે.

થોડા સમય પહેલા ન્યાયના વિલંબ અને કાયદાકીય ટેકનિક તેમજ વકિલોની દલીલબાજીમાં પડતર અરજીના નિકાલ માટે માત્ર છૂટાછેડા એક કેસમાં ૨૫ વર્ષે નિર્ણય આવેલો.

બીજા એક કેસમાં માત્ર ૧ રૂપિયાની લેવડદેવડમાં એક વ્યકિતની કરપીણ હત્યા થતા ૨૨ વર્ષ સુધી આ કેસ ન્યાયની કોર્ટમાં ચાલેલો આવા કેસોની સંખ્યા લાખોની છે. માત્ર લોકઅદાલતોમાં એન.સી. ફરીયાદ તથા સામાન્ય ફરીયાદ દારૂ, જુગારના કેસોની પતાવટ કરવામાં આવે છે જે આંકડો મોટો બતાવી કેસો નિકાલ કરવામાં આવ્યા તેવો માત્ર દેખાડો જ કરવામાં આવે છે.

ગુજરાતમાં ૧૬૬ ફાસ્ટટ્રેક કોર્ટોનું બાળ મરણ થયેલ છે. મોટાભાગની કોર્ટો ગ્રાન્ટના અભાવે બંધ કરેલ છે. તેવી જ હાલત ઈવનીંગ કોર્ટોની છે જે પણ ગ્રાન્ટના અભાવે યોજના અભરાઈએ ચઢાવી દિધેલ છે. રેગ્યુલર કોર્ટમાં દિવસભર માત્ર બોર્ડ સેટલ કરવામાં અને મુદતો આપવામાં જ દિવસ પસાર થઈ જાય છે. ૨૫૦ કેસોના બોર્ડમાં પાંચ કેસો પણ માંડ ચલાવી શકે તેવી ન્યાયતંત્રની ધરેડ છે. જે માત્ર સમન્સ કાઢવામાં, વોરંટ કાઢવામાં અને મુદત અરજીના રોજકામ કરવામાં જ ન્યાયતંત્રનો પુરો સમય બરબાદ થતો જાય છે. આ ધરેડમાં મુખ્ય ન્યાયમૂર્તિએ સુધારા કરી અસરકારક કામગીરી બજાવવી પડશે. દેશમાં ૧૪૫૦ ફાસ્ટટ્રેક કોર્ટની ગ્રાન્ટની મુદત પુરી થતા ફાસ્ટટ્રેક જજોને છુટા કરી કોર્ટ મર્જ કરવામાં આવેલ છે.

જયારે સેલીબીટીના તાજેતરમાં હિટ એન્ડ રન કેસમાં જે ઝડપે ન્યાય થયો તે સામાન્ય માણસ માટે માત્ર વિચારવાનું જ રહ્યું.

દેશમાં ફોરમ ફોર જસ્ટીમ નામની સંસ્થા પણ ઉભી કરવામાં આવેલી હાલ તેના અસ્તીત્વનો પ્રશ્ન છે. ગુજરાતમાં આ સંસ્થાના ૧૦૦ એકમો સ્થાપવામાં આવ્યા હતા તેનું હાલમાં શું થયું તે કોઈ જાણતું નથી. હાલ જાણે વિલંબીત ન્યાય એ ન્યાય ના મળવા બરાબર છે દેશના બંધારણ મુજબ જો કોર્ટો ચાલે તો બીજા ૩૨૦ વર્ષ સુધી ભારતીય ન્યાયતંત્ર નવા કેસોના આવે તો જુના કેસો પુરા કરવામાં ગુજરે તેમ છે. ભારતીય બંધારણની કલમ ૨૧ હાલમાં તો હાંસીપાત્ર ઠરેલ છે. પડતર કેસોના ભરાવામાં સામાન્ય માણસનો 'ખો' નિકળી જાય છે.